દક્ષિણકુમાર જોષી કૃત ''જાનકી ઝુરે વનવાસે''

ડો. પારસ ખમાર
બી.ડી.એસ. આર્ટ્સ સાયન્સ કોમર્સલ કોલેજ, પાટણ

Received: November 16, 2018 Accepted: December 20, 2018

ગુજરાતી અને ભારતની ઈતરભાષાઓમાં અનેક રામકથા મળી આવે છે. મારે અહીં ગુજરાતી સાહિત્યની દક્ષિણકુમાર જોષી કૃત 'જાનકી ઝૂરે વનવાસે ' નવલકથામાં રામદર્શન નિરૂપાયુ છે તેનો પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

દક્ષિણકુમાર જોષીકૃત 'જાનકી ઝૂરે વનવાસે' નવલકથામાં કેન્દ્રબિંદુ અયોધ્યા છે. પ્રસ્તુત નવલકથા રામના ઉત્તરજીવન સાથે સંકળાયેલ છે. જેમાં રામ અયોધ્યાપતિ બન્યાં પછી લોકાપવાદથી કરેલ સીતાત્યાગ, સીતા વાલ્મિકી આશ્રમે લવકુશને જન્મ આપે છે, શત્રુઘ્ન કરેલ લવણાસુરનો વધ, શમ્બુકનો મોક્ષ, રામે આરંભેલ અશ્વમેધ યજ્ઞ, લવ–કુશનું વાલ્મિકિ સાથે તે યજ્ઞ પ્રસંગે અયોધ્યામાં આવવું, રામ અયોધ્યામાં રામકથાગાન કરવું, વાલ્મિકિનું સીતાને અયોધ્યા લઈ આવવું, ત્યાં રામના મનોભાવ પામી જતાં સીતાનો ભૂમિપ્રવેશ કરવો. રામની ત્રણેય માતાનું મૃત્યું, અંતે રામ તેના ભાઈઓ અને તેમના પુત્રોને જુદા જુદા નગરના રાજયાધિકારી બનાવી રામનો સદેહે સ્વર્ગવાસ કરવા સુધીની ઘટના પ્રસ્તુત નવલકથામાં આવરી લીધી છે.

પ્રસ્તુત નવલકથામાં રામ એ નવલકથાના નાયક છે. જયારે સીતા, શત્રુઘ્નનું પાત્ર ધ્યાનાર્હ છે.

નવલકથાના આરંભે રામ સીતા સાથે પ્રેમાલાપ કરે છે. ત્યાં સીતા પ્રેમી રામનો પ્રથમ પરિચય થાય છે.

પણ તેમના રાજમાં ઊંચ–નીચનો કોઈ ભેદ નથી ત્યારે એક સામાન્ય ધોબીની વાતમાં આવી જઈ રામ સીતાનો ત્યાગ કરતા પણ અચકાતા નથી. તેઓ માને છે કે પ્રજામતનો અનાદર કરવાનો પોતાને કોઈ હક્ક નથી. તેઓ શત્રુઘ્નને કહે છે કે ''લોકશ્રેયાર્થે પ્રજાનું રંજન એ રાજાનો સહુથી મોટો ધર્મ છે, એની આગળ અંગત સુખો, લાગણીઓ, લોહીનો સંબંધ બધુ ગૌણ ગણાય.'' (પૃ. ૧૧૯) આમ, રાજધર્મ આગળ બધી વિંટબણાઓ, લાગણીઓને ગૌણ ગણે છે. વશિષ્ટ પણ તેમની આ વાતની પ્રશંસા કરે છે. રામના તમામ નિર્ણય બહુમતી કરતાં સમગ્ર પ્રજાપત પર આધારિત હોય છે.

તેઓ કહે છે કે જો સીતાત્યાગનો નિર્ણય ન લીધો હોત તો અયોધ્યાની પ્રજા વિભકત બની ગઈ હોત. આ રીતે રાજધર્મ આગળ પ્રજાધર્મ ચડિયાતો બની રહે છે. પોતાના રાજયમાં દુકાળ પડે છે ત્યારે દુષ્કાળ પીડિતો માટે અન્નભંડાર ખુલ્લા મુકી દે છે. શમ્બુકવધનો નિર્ણય કરી પોતાને આશરે આવેલા એક સામાન્ય બ્રાહ્મણને મદદ કરે છે. આમ, અહીં રામનું પ્રજાવત્સલ, રાજવર્તી વ્યકિતત્વ જોવા મળે છે.

તેમને સીતા પતિ પ્રેમ પણ છે. સીતા ગર્ભવતી થયાની જાણ થતાં તેની ઈચ્છા પૂર્ણ કરવા રામ તત્પર રહે છે. અશ્વમેધયજ્ઞ સમયે પણ રામ સીતાની સુવર્ણની પ્રતિમા સ્થાપિત કરે છે. અશ્વમેધ યજ્ઞ સમયે સીતા વાલ્મિકિ સાથે અયોધ્યા આવે છે ત્યારે રામ સીતાના શીલની પવિત્રતા, પોતે જાણે છે ઉપરાંત સીતાના સત્ય ઉપર શ્રધ્ધા ધરાવે છે તેવું વાલ્મિકિ કહે છે. તેઓ સીતાનો વિયોગ, ત્યાગ સહન કરી શકતા નથી. આમ આ બધા પ્રસંગોમાં રામનો સીતાપ્રેમ, એક પત્નીવ્રતધર્મનો પરિચય થાય છે.

શમ્બુક રામના દર્શનથી પાવન બની જાય છે. અગત્સ્યમુનિ પણ રામને અવતારધારી પુરૂષોત્તમ કહે છે. માતા કૌશલ્યા પણ પોતાના જીવનના અંત સમયે રામ પાસે જીવનની સદ્‌ગતિ થાય તે માટે બે વાતો જણાવવાનું કહે છે. રામ તેમને ભકિતના પ્રકારો જણાવે છે. આ બધા પ્રસંગોમાં રામનું દિવ્યપુરૂષ તરીકેના ચરિત્રનો ખ્યાલ આવે છે.

અહીં રામનું પ્રજાવત્સલ, સહૃદય પુરૂષ તરીકેનું આલેખન થયું છે.

રામનો રાજયાભિષેક પછી રામ–સીતા પ્રેમાલાપ કરે છે ત્યારે સીતા રામને પોતાનું જીવન પૂર્ણતાને આરે આવેલું પોતે અનુભવે છે તેમ કહે છે ત્યાં સીતાનો પ્રથમ પરિચય ત્રિકાળજ્ઞાની તરીકે થાય છે.

રામે પોતાનો ત્યાગ કરે છે ત્યારે ગંગા નદીને ઉદ્દેશીને રામે જે કર્તવ્ય બજાવ્યું છે તેને ચરિત્રાર્થ કરી શકાય તે માટે જીવનશકિત માગે છે. તેટલું જ નહી પણ રામનો કર્તવ્યનિષ્ઠ, જીવનનિષ્ઠ રાજયધર્મ ઉજજવળ બની રહે તેવી કામના પણ વ્યકત કરે છે. અશ્વમેધ મંડપમાં સીતાએ રામની મનોકામના જાણી ત્યારે તે ઈચ્છા પૂર્ણ કરવા તત્પર બને છે. આથી સીતા ધરતીને વંદન કરી પોતે મન, વચન અને કર્મથી શુધ્ધ હોય તો તેને સમાવી લેવાની પ્રાર્થના કરે છે.

આમ, સીતાનું પતિપરાયણ, શુધ્ધ ચારિત્ર્યશીલ, દૃઢ મનોબળ અને કારૂણ્યમૂર્તિ તરીકેનું વ્યકિતત્વ પ્રગટ થાય છે.

રામાદિ ચાર ભાઈઓમાં સુમિત્રાનંદન શત્રુઘ્ન એ સૌથી નાનો છે. ઋષિઓ લવણાસુરના ત્રાસને કારણે રામ પાસે આવે છે ત્યારે રામ શત્રુઘ્ન તરફ નજર ફેરવતાં જ શત્રુઘ્ન પ્રતિસાદમાં પોતે રઘુકુળની પરંપરાનું કર્તવ્ય બજાવવાની ઈચ્છા વ્યકત કરે છે. ત્યાં બંધુપ્રેમ અને કર્તવ્યશીલ તરીકે શત્રુઘ્નનો પ્રથમ પરિચય થાય છે.

રામ તેને મધુપરનો રાજયાધિકારી બનાવે છે ત્યારે તે સ્થાન પોતાના મોટાભાઈઓ ભરત અથવા લક્ષ્મણને આપવાની રામને વિનંતી કરે છે. ત્યાં પણ શત્રુઘ્નની બંધુ પ્રત્યેનો પ્રેમ અને ત્યાગભાવના વ્યકત થાય છે.

લવણાસુરના વધ પછી મધુપુરની પ્રજા શત્રુઘ્નનો રાજા તરીકે સત્કાર કરે છે ત્યારે રાજયગાદી સંભાળતી વખતે પ્રજાજનો કહે છે કે '' .....રામચંદ્રે શીખવેલો જીવન ધર્મ રાજધર્મ ચારેય વર્ણના લોકોની પ્રતિષ્ઠાનું પુનઃસ્થાપન, સહુ એકબીજામાં ઓતપ્રોત બનીને, કોઈ નાનું નહી, કોઈ મોટું નહીં, કોઈ ઉચ્ચ નહીં, કોઈ નીચ નહીં, સર્વને પોતાના કાર્યની પૂરેપૂરી પ્રતિષ્ઠા સંપન્ન કરવાનો મારો જીવનમંત્ર રહેશે...'' (પૃ.૯૯) બાર

બાર વર્ષ સુધી મધુપુરમાં સુશાસન સ્થાપે છે તે પછી રામને મળવા અયોધ્યા જતાં હોય છે ત્યારે મધુપુરના લોકો તેમને ત્વરિત પાછા ફરવાની વિનંતી કરે છે. પ્રજા કહે છે કે ''અમને આપના અધિપત્ય નીચે જે સુખ, સમૃધ્ધિ, શાંતિ મળ્યા છે તે માટેનું અમારા ઉપર ચડેલું ઋણ કદી ભૂલાય તેવું નથી.'' એવું જ નેતૃત્વ અમને લાંબો સમય સુધી મળતું રહે એ અમારી પ્રાર્થના. (પૃ. ૧૦૨) ત્યાં શત્રુઘ્નમાં આદર્શ રાજવીના, પ્રજાવત્સલતાના દર્શન થાય છે.

શત્રુઘ્ન લવણાસુરનો વધ કરવા જઈ રહયો છે ત્યારે માર્ગમાં વાલ્મિકિ આશ્રમે સીતાને બે જોડીયા પુત્રો જન્મ્યાં છે તે સમાચાર મળતાં આનંદિત બની જાય છે પણ એ આનંદને વ્યકત કરી શકતો નથી. તેના હૃદયમાં શલ્ય ભોંકાતા હોય તેવું તે દર્દ અનુભવે છે. તે સમયની પરાધીનતામાં ફસાયેલો છે.

મધુપુરથી બાર વર્ષ પછી અયોધ્યા પરત ફરતા પુનઃવાલ્મિકિ આશ્રમે રોકાય છે. તેના સૈનિકો યુવાન તપસ્વીને મળવાની ઈચ્છા વ્યકત કરે છે ત્યારે ચતુરાઈથી કહે છે કે ''.....જીવનની કેટલીક વાતો એવી હોય છે કે જેની ફોરમ માણીને જ સંતોષ લેવો પડે. જંગલની કેડીએ ચાલતાં વિધવિધ ફૂલોની મત સુગંધ વનને પ્રફુલ્લિત કરી દેતી હોય ત્યારે એ આહ્લાદ માણતાં આપણે ફૂલોની શોધ કરવા થોડાં જઈએ છીએ? કયા ફૂલે કઈ સુગંધ, કેટલાં પ્રમાણમાં આપી.....''(પૃ. ૧૧૧) ત્યાં શત્રુઘ્નનું બુધ્ધિચાતુર્યનો પરિચય થાય છે.

આમ, શત્રુઘ્નના પાત્રમાં કર્મવીરતા, આદર્શબંધુતા, આદર્શ રાજવી, બુધ્ધિચાતુર્યતા વ્યકત થઈ છે.

આ ઉપરાંત લક્ષ્મણ, વાલ્મિકિ, લવ–કુશના પાત્રો પણ ધ્યાનાર્હ બની રહે છે.

રામ સીતાનો ત્યાગ કરે છે તેની ખબર સીતાને વનમાં મૂકવા આવેલા લક્ષ્મણ દ્વારા પડે છે ત્યારે પોતાને કોણ સંઘરશે? રામનો વિરહ કેવી રીતે સહન થઈ શકશે? ધરતી ગોળ ગોળ ફરતી અનુભવે છે. પોતાને ગંગામાં કૂદી આત્મહત્યાનો વિચાર સ્ફૂરે છે. પણ રઘુવીરનું બીજ પોતાના ઉદરમાં આકાર લઈ રહયું છે. તેનો ખ્યાલ આવતાં તે વિચાર માંડી વાળે છે ત્યાં સીતાનો સંઘર્ષ વ્યકત થયો છે.

છેલ્લે રામ–સીતાના મિલન સમયે પણ સીતા રામની પોતાની સીતા પાસે વધુ એક કસોટી કરાવવાની મનોકામના જાણી લે છે ત્યારે તે ધરતી માતાને પ્રાર્થના કરી પોતાને સમાવી લેવાનું કહે છે તેમાં સીતાનો સંઘર્ષ ચરમ સીમાએ પહોંચે છે.

એ રીતે સર્જકે સીતાનો સંઘર્ષ આરંભ અને અંતે બતાવી સમગ્ર કથાનું અનુસંધાન સાંધી લે છે.

નવલકથાના આરંભમાં જ ગુપ્તચર દ્વારા સીતા પ્રત્યે લોકાપવાદ સાંભળે છે ત્યારે રામ પોતાના પગ નીચેથી ધરતી ખસતી હોય તેવો અનુભવ કરે છે. સીતાપ્રેમી રામ અને પ્રજાપ્રેમી રામ વચ્ચે દ્વંદ્વ ચાલે છે. તેઓ વિચારમાં ગરકાવ બની જાય છે. આંખમાં અશ્રુ આવી જાય છે. સીતાત્યાગ કરવાનો નિર્ણય કહે છે ત્યારે તેઓ હૃદય વલોવાતું હોય તેવો અનુભવ કરે છે.

સીતાત્યાગ પછી તેમને શયનખંડમાં નિંદ્રા આવતી નથી. સીતાત્યાગનો વિચારથી બેચેની અનુભવે છે. પડખાં ફેરવે છે. ત્યાં તેમનો આંતરિક સંઘર્ષ જોવા મળે છે. સીતાનો ભૂમિપ્રવેશ સમયે પણ રામ આક્રંદ કરે છે, ક્રોધે ભરાઈ પૃથ્વીને તીર મારવા જાય છે ત્યાં રામનો સંઘર્ષ ચરમસીમાએ પહોંચે છે. આમ, રામના પાત્રમાં સીતાપ્રેમી રામ અને પ્રજાપ્રેમી રામનો દ્વંદ આલેખાયો છે.

લક્ષ્મણનો સીતાત્યાગ સમયનો સંઘર્ષ અને શત્રુઘ્ન લવ–કુશના જન્મનો આનંદ વ્યકત કરી શકતો નથી તે સંઘર્ષ પરંપરિત છે.

આંતર–બાહ્ય સંઘર્ષથી નવલકથા સંતર્પક બને છે, આસ્વાદ્ય બને છે. રામકથા ગાન કરે છે. અહીં સર્જકે પૃ.૭૬ ઉપર કુશને મોટો બતાવ્યો છે. જયારે પૃ. ૧૭૪ ઉપર લવને મોટો બતાવે છે તે મર્યાદા નોંધવી રહી.

અહીં રામના સંઘર્ષ, લક્ષ્મણ–શત્રુઘ્નનું પાત્રનિરૂપણ, અને કરૂણરસથી નવલકથા આસ્વાદ્ય બની છે.